Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# દક્ષિણ ગુજરાતના ઢોડિયા જ્ઞાતિમાં ચાંદલા વિધિના ગીતો

**Mr. Ajitbhai R. Patel ( Assistant Professor in Statistics )**
**Government Commerce College, Vadali,**
**At. – Vadali, Ta.- Vadali, Dist.- Sabarkantha**
**(m) : 8141490889 Email : vsdajit@gmail.com**

ગુજરાત રાજ્યના દક્ષિણ વિસ્તાર અને સેલવાસ તથા દાદરા, નગર હવેલી વિસ્તારમાં વસતા ઢોડિયા જ્ઞાતિના આદિવાસી સમાજમાં લગ્નની કાંઇક જુદીજ પરંપરા જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે આ આદિવાસી પ્રજા તેમના ઢોર ચરાવવાના વ્યવસાયને લીધે ઢોડિયા તરીકે ઓળખાયા, તો વળી કેટલાક એવું પણ અનુમાન કરે છે કે તેઓ મહારાષ્ટ્રના ધૂળિયા પ્રદેશમાંથી સ્થળાંતર કરી અહીં આવી વસ્યા હોવાથી તેઓ ઢોડિયા તરીકે ઓળખાયા. આજથી લગભગ સિત્તેર વર્ષ પહેલાંના સમયમાં ઢોડિયા જ્ઞાતિમાં કન્યા બળદગાળામાં બેસીને પોતાની જાન લઇને વરને પરણવા જતી હતી. ઉચ્ચ શિક્ષણ મેળવતા થયા પછી અને અન્ય જાતિના લોકો સાથે ગાઢ સંપર્કમાં આવ્યા પછી લાંબા ગાળે તેઓની લગ્ન વ્યવસ્થાના રીત રિવાજોમાં ધરમૂળથી ફેરફારો થયા. આ જ્ઞાતિની મૂળ બોલી ઢોડિયા બોલી છે, પરંતુ તેઓના અન્ય ગુજરાતી પ્રજા સાથેના સંપર્ક વધતાં અને શિક્ષણનું પ્રમાણ વધતાં તેઓ વ્યવહારમાં ઢોડિયા બોલીને બદલે ગુજરાતી બોલી બોલે છે.

ઢોડિયા જ્ઞાતિમાં લગ્નપ્રસંગો હોળીનો તહેવાર પછીના સમયથી લઇને ચોમાસું બેસે ત્યાં સુધીના સમયગાળામાં  યોજાતા, હોળી તેઓના માટે ખૂબજ મહત્વનો તહેવાર ગણાતો. આ જ્ઞાતિમાં અનિવાર્ય સંજોગો સિવાય મોટેભાગે હોળી પહેલાં લગ્નો યોજાતાં નહીં, કારણકે હોળી પહેલાં શિયાળાની ઋતુ ચાલતી હોય છે, અને ચોમાસામાં કદી લગ્નો યોજાતાં નહીં.

લગ્ન નક્કી કરતાં પહેલાં વચેટિયો છોકરાને છોકરી જોવા છોકરીના ઘરે લઇ જાય. છોકરી તેને લોટામાં ઠંડુ પાણી પીવા માટે આપે. તે સમયે બન્ને એકબીજાને જોઇ લે. પછી છોકરો છોકરીને ઇચ્છાશક્તિ મુજબ અથવા અગિયાર રૂપિયા આપે. આ નાની લાગતી રકમ પચાસ વર્ષ પહેલાંની રકમ છે. જો બન્નેને આ સંબંધ સ્વિકાર્ય હોય તો દહેજ નાખવાની તારીખ નક્કી થાય. તે સમયે લગ્ન નક્કી થયા બાદ પહેલાં વર પક્ષવાળા કન્યાના પિતાને દહેજની રકમ પેટે પોતાની ઇચ્છાશક્તિ અનુસાર અથવા એકાવન રૂપિયા આપવા જતા હતા, જેને દહેજ નાખવા જવું એમ કહેવાતું. ત્યાર પછી લગ્ન ગોઠવાતાં

હતાં. અલબત્ત, આજે દહેજપ્રથા ઢોડિયા સમાજમાંથી સંપૂર્ણપણે નાબૂદ થઇ ગઇ છે. હવે તેની જગ્યાએ ચાંદલો કરવા જવાની રીત ચાલે છે. આ રીતમાં કન્યા પક્ષવાળા બધા વરને અને વર પક્ષવાળા બધા કન્યાને ઘરે જઇ તેને કંકુથી ચાંદલો કરી તેને ભેટ આપે છે. આ ચાંદલા વિધિમાં વર કે કન્યાને ઘરે જનાર દરેક વ્યક્તિ વર કે કન્યાને દસ, વીસ કે પચાસ રૂપિયા ભેટ આપે છે. અહીં વર અને કન્યા પોતે ચાંદલો કરવા એકબીજાને ઘરે જતા નથી, પણ તેના કુટુંબીજનો, સગા સંબંધીઓ અને ગામજનો જાય છે. આ બાબત ખાસ નોંધવા લાયક છે.

આજથી પચાસ વર્ષ પહેલાંના તેઓના લગ્ન વ્યવસ્થાના રીત રિવાજો સાથે સંકળાયેલાં ગીતોની અહીં ટૂંકમાં રજૂઆત કરવામાં આવી છે.

સૌપ્રથમ છોકરા પક્ષના લોકો કન્યા જોવાના આશયથી તેના ઘરે ચાંદલો કરવા જાય. એ પછીના કોઇ બીજા દિવસે કન્યા પક્ષના લોકો છોકરાનું ઘર અને મિલકત જોવાના આશયથી ચાંદલા વિધિ કરવા જાય.

વસંત ઋતુનું આગમન થયેલું હોય, કેસૂડો બરાબર ખિલ્યો હોય, નવા નવા કપડાં પહેરી, સવારે સારી રીતે તૈયાર થઇ સગા સંબંધીઓ અને ગામલોકો ચાંદલો કરવા માટે ટ્રેક્ટરના ખટારામાં કે પછી ટ્રકમાં ભેગા બેસી ઘરેથી નીકળે છે, અને તે વખતે સ્ત્રીઓ મોટેથી આ રીતે ગીત ગાવાની શરૂઆત કરે :

ચાલોને કનશેરી દેવ ચાંલ્લે જઇએ..,
અ...મારે તો સાડી રે નથી,
તમારી તે સાડી અમુને રે આપો,
અમારી તે સાડી તમુને રે આપીએ.
ચાલોને કનશેરી દેવ ચાંલ્લે જઇએ.

( અહીં કનશેરી દેવ એ ઢોડિયા સમાજની કુળદેવી છે. )

પહેલાંના સમયે પૂરતાં વાહનો ન હતાં એટલે બળદગાળામાં બેસીને જતા હતા, પણ પાછળથી સગવડો વધતાં ટેમ્પો કે ખટારામાં બેસી ચાંદલો કરવા જતા થયા. બધા રસ્તા ત્યારે પાકા ન હતા, કાચા રસ્તે જવાનું થાય; ત્યારે આ મુજબનાં ગીત ગવાતાં :

ગાડી વાળા ડાયવર વીરા; ગાડી ધીમે હાંકજો,
ભાઇના માતા; ભાઇના પિતા, પાછળ રહી ગયા જો.
ગાડી વાળા ડાયવર વીરા; ગાડી ધીમે હાંકજો,
પિતા મોરા; માતા મોરી, ધીમા રહી આવજો.

(પછી એજ પ્રમાણે પિતાની જગ્યાએ કાકા, કાકી, મામા, મામી, વિગેરેનું નામ લઇ ગીત ગવાય છે. )

(અહીં કન્યા પક્ષવાળા ચાંદલો કરવા જતા હોય તો ભાઇ ની જગ્યા એ બેન શબ્દ મુકી ગવાય છે. )

રસ્તાની કિનારે લાઇનમાં સરસ મઝાના વૃક્ષોને રોપેલાં જોઇ સ્ત્રીઓ આવું ગીત ગાઇને આનંદ વ્યક્ત કરે :

ઉભી સડાકે; બાર ઝાડવાં રોયપાં રે ભમરા; ... (૨)

એ ઝાડવે; કોણ ભાઇ આવે રે ભમરા, ...(૨)

એ ઝાડવે; ભાઇના પિતા આવે રે ભમરા, ...(૨)

(પછી એજ પ્રમાણે પિતાની જગ્યાએ કાકા, કાકી, મામા, મામી, વિગેરેનું નામ લઇ ગીત ગવાય છે. )

બહું લાંબા રસ્તે જવાનું હોય ત્યારે આવું ગીત ગવાય :

આઘે દૂરે રે; ભાઇ આઘે દૂરે રે; ભાઇ તારું સાસરું,

કોણે શોધેલું; ભાઇ કોણે શોધેલું; ભાઇ તારૂં સાસરૂં,

પિતાએ શોધેલું; ભાઇ પિતાએ શોધેલું; ભાઇ તારું સાસરૂં,

કોણે શોધેલું; ભાઇ કોણે શોધેલું; ભાઇ તારૂં સાસરૂં,

માતાએ શોધેલું; ભાઇ માતાએ શોધેલું; ભાઇ તારું સાસરૂં.

(પછી એજ પ્રમાણે પિતાની જગ્યાએ કાકા, કાકી, મામા, મામી, વિગેરેનું નામ લઇ ગીત ગવાય છે. )

( અહીં કન્યા પક્ષવાળા ચાંદલો કરવા જતા હોય તો ભાઇ ની જગ્યા એ બેન શબ્દ મુકી ગવાય છે. )

વાહનમાં બેસી જુદા જુદા ગામોમાંથી પસાર થતી વખતે નવો વિસ્તાર જોવાનો લહાવો લેતા. બાળકોને આમાં વિશેષ મઝા આવતી. રસ્તામાં જ્યારે નદી આવે ત્યારે નદી પસાર કરતી વખતે આવું ગીત ગવાય :

ખાડીમાંનો તરીયો; તુ માણો વીરા રે; ઝરમલીયા,

ખાડીમાની દેવી; જાગતી છે કે સૂતી; ઝરમલિયા,

જાગતી હોય તો વે'લી; આ પારથી પેલી; પાર ઉતારી દે, ઝરમાલીયા,

ખાડીમાંનો તરીયો; તુ માણો વીરા રે; ઝરમલીયા.

વેવાઇના ગામમાં રસ્તા બરાબર ન હોય, આજુબાજુ થોરની વાડ અને ઝાડી ઝાંખરાં વધુ ઉગી નીકળ્યા હોય એટલે વેવાઇના ઘરની નજીક પહોંચી સ્ત્રીઓ આવું ગીત ગાય :

હી...રે.., વેવાઇની શેરી સાંકડી,

થોડા થોડા થુવરીયાં કપાવો રે ; વેવાઇની શેરી સાંકડી,

હી...રે.., વેવાઇની શેરી સાંકડી,

થોડા થોડા પથ્થરીયાં નખાવો રે ; વેવાઇની શેરી સાંકડી...

ચાંદલામાં ખૂબજ મોટી સંખ્યામાં લોકો જતા હોય છે, તેથી ખટારામાં બેસવાને બદલે ઊભા રહેવું પડતું હોય છે. રસ્તામાં ખૂબજ ધૂળ ઉડ્યો હોવાથી વેવાઇના ઘરે પહોંચી સૌ પ્રથમ પાણીથી પોતાના હાથ પગ ધોવા જાય છે. તેઓના માટે દસ બાર પાણીની ડોલ ભરીને તૈયાર રાખેલ હોય છે. આ સમયે ગવાતું ગીત :

થમ્ભે થમ્ભે રે ભાઇ દૂધના રે બેડાં,

તમારા કયા કાકા હાથપગ ધુએ,

તમારા રમેશ કાકા હાથપગ ધુએ.

( પછી એજ પ્રમાણે કાકાની જગ્યાએ, મામા, મામી, ફોઇ, ફુઆ વિગેરેનું નામ લઇ ગીત ગવાય છે. )

લાંબા રસ્તામાં ખટારામાં ઉભા રહી લોકો થાકી ગયા હોય છે. પુરૂષો માટે બેસવા માટે આંગણામાં મંડપ બનાવી તેના નીચે ખાટલા કે પલંગ પર સાદડી અથવા ચાદર પાથરી તૈયાર રાખ્યા હોય છે. કેટલાક લાકડાના બાંકડા અને ખુરશીઓ પણ મુકી હોય છે, ત્યાં પુરૂષો બસે છે. જ્યારે સ્ત્રીઓ માટે ઘરના ઓટલા પર સાદડી કે ગોદડાં કે ચાદર પાથરી તૈયાર રાખ્યા હોય છે, ત્યાં સ્ત્રીઓ બેસે છે. વેવાઇના ઘરે ઓટલે બેસતી વખતે સ્ત્રીઓ આવું ગીત ગાય :

સોનાનો ઓટલોને રૂપાના પગથીયા,

પગથીયા જોઇ જોઇને ચઢજો રે સુરેશભાઇ.

( પછી એજ પ્રમાણે કાકાની જગ્યાએ, મામા, મામી, ફોઇ, ફુઆ વિગેરેનું નામ લઇ ગીત ગવાય છે. )

કન્યાના ઘરે ચાંદલો કરવા આવેલા હોય, કન્યા સજીધજીને તૈયાર થઇ ઘરની બહાર નીકળે ત્યારે કન્યા પક્ષવાળા આવું ગીત ગાય :

ટૂં...કે તે પાનની આંબલી રે, લાં...બે તે કેળના પાન રે મીનાબેન;

તુલશીના પાને પધારજો રે.

માતાના ખોળેથી ઉતર્યાં મીનાબેન; સાસુના ખોળે પધારજો રે.

( કન્યાનું જે નામ હોય તે નામ લઇ ગીત ગવાય છે. )

( પછી એજ પ્રમાણે માતાની જગ્યાએ, પિતાનું નામ લઇ ગીત ગવાય છે. )

ચાંદલામાં આવેલા બાળકોને રંગીન શરબત પીવામાં ખાસ રસ હોય છે. લોકોને સમયસર પાણી કે શરબત ન પીવડાવવામાં આવે ત્યારે આવું ગીત ગવાય :

ઓ બેની ... , અજાણ્યા ગામમાં ક્યાં આવ્યા ?

આપણા ગામમાં આવે તો પાણીનો પેલ્લો વે'વાર,

ઓ બેની ... , અજાણ્યા ગામમાં ક્યાં આવ્યા ?

અજાણ્યા ગામમાં આવ્યા તો પાણીનો ભાવ નાઇ પૂછે,

ઓ બેની ... , અજાણ્યા ગામમાં ક્યાં આવ્યા ?

કન્યાનો ચાંદલો હોય તો કન્યા સૌને પીવા માટે લોટામાં પાણી આપે, જો છોકરાનો ચાંદલો હોય તો છોકરાની સાથે તેની બહેન અથવા તેની ભાભી સૌને પાણી આપવા જાય. બીજી બાજુ ચાંદલામાં આવેલાં બાળકો અને આ ગામના બાળકો વચ્ચે લખોટી રમવાની હરીફાઇ જામે. કેટલાક યુવાનો ગામનું ફળિયું જોવા નીકળે. વે'વાઇ અને બીજા વડીલો એકબીજા સાથે વાતે વળગે.

ચાંદલો કરવા આવેલાં સગાસંબંધીઓ દ્વારા ઘરના ઉંબરનું પૂજન કરવાની વિધિ કરવામાં આવે. ત્યાર બાદ ચાંદલા વિધિ કરવામાં આવે. ચાંદલો કરવા આવેલાં સગાસંબંધીઓની સ્ત્રીઓ દ્વારા જેનો ચાંદલો કરવા આવેલા હોય તેને ( વર કે કન્યા ને ) નાળિયેર, કપડાં અને પૈસા વગેરે ભેટ અપાય અને બન્ને પક્ષ દ્વારા મંગળ ગીતો ગવાય :

સાસરેનો ચાંદલો આવ્યો; પેરી લેને રે નવી વહુ,

આજના પેરેલા; જનમ જુગના રે નવી વહુ,

સાસરેના નારિયેળ આવ્યાં , ઝાલી લેને રે નવી વહુ,

આજના ઝાલેલા; જનમ જુગના રે નવી વહુ,

સાસરેની સાડી આવી, પેરી લેને રે નવી વહુ,

આજના પેરેલા; જનમ જુગના રે નવી વહુ,

( આવી રીતે દરેક ચીજ વસ્તુનાં નામ લઇને ગીત ગાવામાં આવે છે.)

ચાંદલા વિધિ પૂરી થાય એટલે સૌને દાળભાત શાકનું જમણ આપવામાં આવે, આર્થિક સ્થિતિ સારી હોય તેઓ જમણમાં લાપસી પણ જમાડે. જમવા જતી વખતે આવું સ્ત્રીઓ આવાં ગીત ગાતી હોય છે :

બાજ લાવે ને ઘટી જાય, એ ચાંદલો કેમ જમશે ...?

વેવાય તમે બાજ વહેંચતાં દગો ન દેજો.

શાક લાવે ને ઘટી જાય, એ ચાંદલો કેમ જમશે ...?

વેવાય તમે શાક વહેંચતાં દગો ન દેજો.

( આવી રીતે દરેક ચીજ વસ્તુનાં નામ લઇને ગીત ગાવામાં આવે છે.)

જમી લીધા પછી ઘરે પાછા ફરતી વખતે વર કે કન્યાને આવજો કહેવાની રીત પણ અનોખી હોય છે. તે વખતે સ્ત્રિઓ દ્વારા આવું ગીત ગવાય છે:

વેવાઇ બેસો બેસોને અમે ઘેર જઇએ,

વેવાણ બેસો બેસોને અમે ઘેર જઇએ.

કેટલીકવાર વર કે કન્યાના નાના ભાઇ કે બહેનને પોતાના ગામ આવવાનું આમંત્રણ પણ ગીત દ્વારા અપાય છે.

કમદાં પાયકાં રે અમારા દેશ; ઘાઘરલી ઘૂમે છે,

મીના ખાવાની હોય તો આવજે રે અમારા દેશ, ઘાઘરલી ઘૂમે છે.

( જેનો ચાંદલો કરવા આવેલા હોય તેનું નામ અથવા તેના નાના ભાઇ કે બહેનનું નામ લઇને ગવાય છે. )

બીજી બાજુ સામેના પક્ષવાળા પણ જેનો ચાંદલો કરવા આવ્યા હતા તેનું નામ લઇને પોતાના ગીતો ગાય છે. જેમકે;

મીના તને જાવાનું મન થાય; થાય; થાય.

લીલા તને રેવાનું મન થાય; થાય; થાય.

( અહીં સામેના પક્ષના ઘરની વ્યક્તિનું નામ લઇ ગવાય છે. )

આ સમયે બન્ને પક્ષ વચ્ચે જાણે ગીતો દ્વારા શાબ્દિક યુધ્ધ ચાલતું હોય તેવાં દ્રશ્યો સર્જાતાં.

તે વખતે ગીત આવાં ગવાતાં હોય છે.

નળિયા ઉપર નળિયું; વે'વાઇ; જોયું તમારું ફળિયું; વે'વાઇ ; વાદા કરો વાદા કરો.

ઇંટ ઉપર ઇંટ; વે'વાઇ; જોઇ તમારી રીત; વે'વાઇ ; વાદા કરો વાદા કરો.

ચુલા ઉપર ઠિકરી; વે'વાઇ; જોઇ તમારી દીકરી; વે'વાઇ વાદા કરો વાદા કરો.

આવાં ગીતો દ્વારા વરપક્ષવાળી સ્ત્રીઓ કન્યાપક્ષવાળી સ્ત્રીઓ સાથે ચાંદલાની વિદાય લેતી.

ચાંદલાના દિવસે સાંજે બન્ને પક્ષના ઘરે આવાં મંગળ ગીતો ગવાતાં :

દેવાં કુલવરસી જાય રે,

દેવાં સો...નાની થાળી રે; દેવાં રૂ...પાનો અખિયાર રે,

દેવાં કુલવરસી જાય રે,

દેવાં કયા દેવનો ઓ વાર રે; દેવાં કુલવરસી જાય રે,

દેવાં કનશેરી માતાનો ઓ વાર રે; દેવાં કુલવરસી જાય રે.

સંદર્ભ સૂચિ :

વલસાડ જીલ્લાના ઢોડિયા સમાજના અગ્રણી વડીલો સાથેની મુલાકાત દ્વારા મેળવેલ માહિતિ મુજબ